# ગુજરાતના નવરત્નને પદ્મ સન્માન







## રત્નસુંદર સુરીશ્વરજી મહારાજ, પુરુષોત્તમ ઉપાધ્યાય, વી.જી. પટેલ, વિષ્ણુ પંડ્યા, સુબ્રતો દાસ, દેવેન્દ્ર પટેલ, ગેનાભાઈ પટેલ, એચ.આર. શાહ ઉપરાંત ભાવના સોમૈયાને એવોર્ડ

નવીદિલ્હી,તા.૨૫: પદ્મ સન્માનિત મહાનુભાવોમાં ગુજરાતનાં ફાળે કુલ ૯ એવોર્ડ આવ્યા છે. જેમાં આધ્યાત્મક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ રત્નસુંદર સૂરીશ્વરજી મહારાજને પદ્મ ભૂષણ એનાયત કરવામાં આવશે. તેમણે ૩૦૦થી વધુ પુસ્તકો લખેલા છે અને જૈન સમુદાયનાં આ પ્રભાવી વ્યક્તિત્વનાં છેલ્લા પુસ્તકનું વિમોચન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં હસ્તે કરવામાં આવ્યું હતું. જ્યારે પદ્મશ્રી એવોર્ડની યાદીમાં સંગીત અને કલા ક્ષેત્રે પુરષોતમ ઉપાધ્યાય, સાહિત્ય અને શિક્ષણનાં ક્ષેત્રમાં વી.જી.પટેલ, સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રમાં વિષ્ણુ પંડ્યા, ઔષધિમાં ડૉ.સુબ્રતો દાસ અને ડો. દેવેન્દ્ર ડાયાભાઈ પટેલ, કૃષિમાં ગેનાભાઈ પટેલનો સમાવેશ થાય છે. બનાસકાંઠાનાં આ ખેડૂત દિવ્યાંગ છે અને દાડમની ખેતી કરે છે. આ ઉપરાંત મુંબઈ સ્થિત ગુજરાતી ફિલ્મ (જુઓ પાનું ૧૦)

## પવાર, મુરલી મનોહર અને કોહલીને પદ્મ પુરસ્કાર

### પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ સર્વોચ્ચ નાગરિક સન્માનો જાહેર: ૭ પદ્મ વિભૂષણ, ૭ પદ્મ ભૂષણ અને ૭૫ પદ્મશ્રી સન્માન

નવીદિલ્હી, તા.૨૫: પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ સરકાર દ્વારા આજે વર્ષ ૨૦૧૭ માટે પદ્મ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં એનસીપીના નેતા શરદ પવાર, ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશી, શેફ સંજીવ કપૂર, ગાયકો કૈલાશ ખેર અને અનુરાધા પૌંડવાલ, ક્રિકેટર વિરાટ કોહલી,



મહિલા પહેલવાન સાક્ષી મલિક, જિમ્નાસ્ટ દીપા કર્માકર, પેરાલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ મરીયપ્પન થંગાવેલુ સહિતની જાણીતી અને પોતપોતાનાં ક્ષેત્રોમાં નોંધનીય યોગદાન આપનારી હસ્તીઓનો સમાવેશ થાય છે.

સરકારે ગત મે માસથી આ એવોર્ડ માટે નામાંકન મગાવ્યાં હતાં અને આશરે પાંચ હજાર જેટલી અરજીઓ (જુઓ પાનું ૧૦)

## સર્જીકલ સ્ટ્રાઈકના ૧૯ હિરોને શૌર્યચંદ્રક: મેજરને કીર્તિ ચક્ર

નવી દિલ્હી, તા. ૨૫: ગઈ તા. ૨૯ સપ્ટેમ્બરે અંકુશરેખા પારની આતંકી તાલીમી છાવણીઓ (લોન્ચપેડ્સ)ને નિશાન બનાવતી ભારતીય સુરક્ષાકર્મીઓએ હાથ ધરેલી સર્જીકલ સ્ટ્રાઈક પાર પાડનાર ૧૯ સૈનિકોને બિરદાવવા, પ્રજાસત્તાક દિનની પૂર્વસંધ્યાએ શૌર્યચંદ્રકોથી નવાજવામાં આવ્યા છે. તે પૈકી એક ટીમની આગેવાની લેનાર ૪ પેરા (પેરામિલીટરી-અર્ધલશ્કરી દળ)ના મેજર રોહિત સુરીને કીર્તિ ચક્ર અપાયો છે. ( કીર્તિ ચક્ર શાંતિ સમયનો બીજો સર્વોચ્ચ શૌર્યચંદ્રક છે.) ઉપરાંત કમાન્ડિંગ ઓફિસરોને યુદ્ધ સેવા મેડલથી અપાયા છે.